# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

**પરિપત્ર :–**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન લો કોલેજના આચાર્યશ્રીઓ જણાવવામાં આવે છે કે લીગલ એજ્યુકેશત રૂલ્સ–૨૦૦૮ દ્વારા કાયદા વિદ્યાશાખામાં **L.L.B** ના અભ્યાક્રમાં પ્રવેશ મેળવવા માટે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયા દ્વારા તા.૨૭/૦૩/૨૦૦૯ના ચોક્કસ વયમર્યાદા નક્કી કરવામાં આવેલ છે જેમા મહતમ વયમર્યાદા જનરલ કેટેગરી માટે ૩૦ વર્ષ અને શીડયુલ કાસ્ટ–શીડયુલ ટ્રાઈબ માટે ૩૫ વર્ષ નક્કી કરવામાં આવેલ જે વયમર્યાદા સને ૨૦૧૩માં દુર કરવામાં આવેલ પરંતુ મદ્રાસ હાઈકોર્ટ અને નામદાર સુપ્રિમકોર્ટમાં સ્પેશિયલ લીવ પીટીશનમાં બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા તેને ફરીથી રીસ્ટોર કરવા માટે હુકમ કરવામાં આવેલ અને જેનો અમલ તા.૧૭/૦૯/૨૦૧૬ ના રોજ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા નોટીફીકેશન બહાર પાડી તમામ લો–કોલેજો અને યુનિવર્સિટીઓને મહતમ વયમર્યાદાની જાણ કરવામાં આવેલ.

પરંતુ વર્તમાનસમયમાં રીશભ દુગ્ગલ અને બીજાઓ દ્વારા તા.૧૭/૦૯/૨૦૧૬ ના રોજ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા **L.L.B** ના અભ્યાસક્રમ માટે વયમર્યાદા નક્કી કરતુ નોટીફીકેશન પર સ્ટે કરવામાં આવેલ.અને જે રીટપીટીશનની આખરી સુનાવણી જુલાઈના બીજા વીકમાં મુકરર કરવામાં આવેલ. અને આ સમય દરમિયાન કોઈ પણ વિદ્યાર્થી કે નાગરીક કાયદા વિદ્યાશાખામાં **L.L.B** ના અભ્યાક્રમાં પ્રવેશ મેળવવા માટે કોઈ પણ ઉમરના બાદ સિવાય સુપ્રિમ કોર્ટ દ્વારા રીટપીટીશનમાં આપવામાં આવેલ ચુકાદાની શરતોને આધિન **L.L.B** ના અભ્યાક્રસમાં પ્રવેશ મેળવી શકશે.તેમજ આ અંગેનું આ સાથે સામેલ સોગંદનામું વિદ્યાર્થી દ્વારા આપવાનું રહેશે.

AHBapodra
I/C. રજીસ્ટ્રાર

નં. : બીકેએનએમયુ/રજી/ ૫૬૩ /૨૦૧૭
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કોલેજ કેમ્પસ, બિલખા રોડ, ખડીયા, જુનાગઢ.
તા. ૧૬/૦૬/૨૦૧૭

**પ્રતિ,**

૧) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન લો– કોલેજોના સંચાલકશ્રીઓ / આચાર્યશ્રીઓ તરફ

**નકલ સાદર રવાના :–**

૧. માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.

**નકલ સાદર રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે**

૧. એકેડેમિક વિભાગ
૨. પરીક્ષા નિયામકશ્રી,પરીક્ષા વિભાગ
૩. આઈ.ટી.સેલ(વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે)

## :: સોગંદનામું ::

આથી હું આ નીચે સહી કરનાર ..........................................................................................
ઉ.વ. આ. ............................ રહે. ..................................................... તે આથી,
મારી સત્ય અને ધર્મ પ્રતિજ્ઞા જાહેર કરું છું કે, સેમેસ્ટર–૧ એલ.એલ.બી.માં એડમિશન લેવા માટે અરજી કરેલ છે.

લીગલ એજ્યુકેશન રૂલ્સ ૨૦૦૮ ધ્વારા એલ.એલ.બી.ના કોર્સ માટે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયા ધ્વારા તા.૨૭–૦૩–૨૦૦૯ના ચોકકસ વયમર્યાદા જેમાં મહતમ વયમર્યાદા જનરલ કેટેગરી માટે ૩૦ વર્ષ અને શીડયુલ કાસ્ટ–શીડયુલ ટ્રાઈબે માટે ૩૫ વર્ષ નકકી કરવામાં આવેલ જે વયમર્યાદા સને ૨૦૧૩માં દુર કરવામા આવેલ. ત્યારબાદ તેને ફરીથી રિસ્ટોર કરવા માટે હુકમ કરવામાં આવેલ. પરંતુ વર્તમાન સમયમાં રીશભ દુગ્ગલ અને બીજાઓ ધ્વારા સુપ્રીમકોર્ટની ડીવીઝન બેંચના જસ્ટીશશ્રી એસ.એ.બોબુદ અને શ્રી એલ. નાગેશ્વર રાવનાઓ સમક્ષ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની મહતમ વયમર્યાદા નકકી કરતાં તા.૧૭–૦૯–૨૦૧૬ના બીસીઆઈ/૧૫૧૯ (એલ.ઈ.સરકયુલર) – ૬ના નોટીફીકેશનને પડકારતા નામ. સુપ્રીમકોર્ટની ડીવીઝન બેંચ ધ્વારા બાર કાઉન્સીલના લોના અભ્યાસ માટેની વયમર્યાદા નકકી કરતું નોટીફીકેશન સ્ટે કરવામાં આવેલ. જે અનુસંધાને હાલમાં મને .............................................................. કોલેજમાં અભ્યાસ માટે એડમિશન આપવામાં આવેલ છે. પરંતુ હાલ કે ભવિષ્યમાં સુપ્રીમ કોર્ટ ધ્વારા આ વયમર્યાદાને અનુલક્ષીને કોઈપણ ફેરફાર થશે તો તે મને કબુલ મંજુર રહેશે અને વયમર્યાદાને લઈને જે કોઈ અદાલત ધ્વારા જે કાંઈ નિર્ણય આવશે તે મને કબુલ મંજુર રહેશે. આ અંગે કોલેજ અને યુનિવર્સિટી જવાબદાર રહેશે નહિ.

ઉપરોકત તમામ હકીકત ખરી અને સત્ય હોય સોગંદ ઉપર જાહેર કરું છું.

તા. / /૨૦

× ...............................